SSP/FEB 99/06/700

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પ્રવીણ

## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ]  (રવિવાર, ૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૯)  કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

(વિભાગ - ૧ - અક્ષરપુરુષોત્તમ ઉપાસના)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિષયોના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ-ત્રણ પ્રમાણો આપો.** ૬

૧. ભગવાનને નિરાકાર સમજવાની ખોટ.
૨. પરબ્રહ્મને તત્ત્વે સહિત ઓળખવા અક્ષરબ્રહ્મની જરૂર.
૩. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું - સ્વામની વાતુને આધારે
૪. ગુણાતીત સંતનો મહિમા - પરમહંસોના પદોમાં.

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગો વર્ણવી સિદ્ધાંત લખો. (બારેક લીટીમાં)** ૮

૧. મુક્તાનંદ સ્વામીને મહારાજે બતાવેલો શાંતિનો ઉપાય.
૨. સારંગપુરમાં ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ.
૩. શીતલદાસને સમાધિ.
૪. રામાનંદ સ્વામીએ લાલજી સુથારને ઠપકો આપ્યો.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈપણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. મોક્ષ માટે પ્રગટ ભગવાન કે સંત.
૨. ઉપાસનાનું મહત્ત્વ.
૩. દિવ્યભાવ સમજવાની આવશ્યકતા.
૪. સર્વ કર્તા હર્તા શ્રીજીમહારાજ.

**પ્ર.૪. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. શ્રીજીમહારાજે પરમહંસોને કહ્યું, ‘‘કબૂતરના કબૂતર રહ્યા.’’
૨. ભગવાન સાકાર છે.
૩. ભગવાનમાં મનુષ્યભાવ ન લાવવો જોઈએ.
૪. ગોપાળાનંદ સ્વામીની વાત ન માનીને પાર્ષદો ઘાસ લેવા ગયા.

06



પ્ર.૫. ઉપાસનામાં શું સમજવું ? ૮

પ્ર.૬. શાસ્ત્રીજી મહારાજ વિમુખ નથી. - સમજાવો. ૫

**પ્ર.૭. નીચેના કોઈપણ એક વિષય પર વિસ્તારથી નોંધ લખો.** ૫

૧. અન્ય પરમહંસોએ કહેલો ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા.
૨. ગુણાતીત સંત ભગવાનનું પ્રગટ સ્વરૂપ - છતાં ભગવાનના દાસ.
૩. સર્વથી પર અક્ષરધામ અને અક્ષરધામાધિપતિ શ્રી હરિ સર્વોપરી.

વિભાગ - ૨ (સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ)

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘ભક્તરાજ ! આવું માથાનું સાટું ન કરવું.’
૨. ‘દૈવત તુંબીપાત્ર મેં કિંવા ધ્યાન મેં ?’
૩. ‘મારે મારું પ્રારબ્ધ તો ભોગવવું જ પડે.’
૪. ‘તેમના પર દૃષ્ટિ કરજો કે તમારા જેવા ગુણ તેમનામાં આવે.’

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. ઈડરના રાજાએ બ્રાહ્મણો પરનો કર રદ કર્યો.
૨. રઘુવીરજી મહારાજની ગ્રંથીઓ ગળી ગઈ.
૩. ભાઈચંદ દોશી સત્સંગી થયા.
૪. મુક્તાનંદ સ્વામીએ કીર્તન બનાવ્યું, ‘‘છાંડી કે શ્રીકૃષ્ણદેવ.....’’

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈ પણ બે વિષયનું મુદ્દાસર વિવરણ લખો.** ૮

૧. પર્વતભાઈની દાસત્વભક્તિ.
૨. કુશળકુંવરબાની ભક્તિ
૩. કુળ તજી નિષ્કુળ થયા.
૪. પ્રમુખસ્વામીની નમ્રતા

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. પર્વતભાઈએ કોને પોતાના ઈષ્ટદેવ કહ્યા ?
૨. મુક્તાનંદ સ્વામી સર્વોપરીપણું સમજ્યા ત્યારે તેમણે ક્યાં કીર્તનો બનાવ્યાં ?
૩. કુશળકુંવરબાને કોણે સત્સંગ કરાવ્યો ?
૪. પ્રમુખસ્વામી મહારાજની પ્રમુખવરણી ક્યારે અને ક્યાં થઈ ?
૫. ગોપાળાનંદ સ્વામીએ વાઘાખાચરનું દારિદ્રય કેવી રીતે ટાળ્યું ?
૬. નિષ્કુળાનંદ સ્વામીએ રચેલા બે ગ્રંથોનાં નામ લખો.

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી ટૂંકમાં ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. વડતાલમાં ચાર માસ સત્સંગિજીવનની કથા.

૨. લંડન સુવર્ણતુલા મહોત્સવે સ્વામીશ્રી.

૩. શિવલાલ શેઠની નિઃસ્પૃહતા

**વિભાગ - ૩ (નિબંધ)**

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** ૨૦

૧. આદર્શ કર્મયોગી પ્રમુખસ્વામી મહારાજ

૨. સત્સંગનો પાયો - ગુણ ગ્રાહક દૃષ્ટિ

૩. ધર્મનાં બંધન એ બંધન નથી, પણ મુક્તિનાં સાધન છે.